VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘માનવીનો માળો’ નવલકથામાં સમાજચેતના

## રીટા પટેલ

**પીએચ.ડી. રિસર્ચ સ્કૉલર**
**ભાષા-સાહિત્ય ભવન, ગુજરાતી વિભાગ,**
**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**

પુષ્કર ચંદરવાકરે સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં હાથ અજમાવેલો છે. જેમાં નવલકથા, નવલિકા, એકાંકી, બાળવાર્તા, સાંસોધન તથા સંપાદનનો સમાવેશ થાય છે. આ વિવિધ ક્ષેત્રો પૈકી લોકસાહિત્યમાં તેમની કલમે તેમને અગ્રસ્થાન અપાવ્યું છે. તો નવલકથામાં પણ તેમણે વિપુલ ખેડાણ કર્યું છે. પુષ્કરચંદરવાકરની નવલકથામાં ગ્રામજીવનનું ચિત્રણ બખૂબી તાર્દશ થતું જોવા મળે છે. આનું કારણ એજ છે કે, પુષ્કરચંદરવાકરે અન્ય લેખકો ની જેમ જ ગ્રામ્યજીવનને આલેખવાનો પ્રયશ કર્યો છે. પરંતુ અન્ય લેખકોની જેમ પોતાના રૂમમાં બેસીને જે ગ્રામજીવનનું આલેખન થાય છે એના કરતાં તેમણે એ ગ્રામજીવનને આલેખ્યું છે જે તેઓ જીવ્યા છે. જેમ આપણે એવું કહી કે પ્રથમ વરસાદમાં ભીની માટીની સુવાસ આપણને તરબોળ કરી દે છે. આવું કહેવા કરતાં ખરેખર આવતા પ્રથમ વરસાદના અનુભવ સમયે આવતી ભીની માટીની સુવાસથી જે રોમાંચ થાય તે કઈક અલગ જ હોય છે. તેવું આ બાબતમાં પણ છે. અહી કોઈ અતિશયોક્તિ નહીં લાગે કે પુષ્કરચંદરવાકરના ગ્રામજીવનનું આલેખન પણ આવુ જ પ્રત્યક્ષ જોવા મળે છે. આવુ ગ્રામ જીવન આલેખાયેલી નવલકથા ‘માનવીનો માળો’માં વર્ણવાયેલો સમાજ અહી બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આમ તો સમાજ અને સાહિત્ય અલગ નથી, સિક્કાની બે બાજુઓ છે. કોઈ પણ સાહિત્ય સમાજમાં થતી પ્રવૃત્તિનું જ પરિણામ હોય છે. ‘માનવીનો માળો’ નવલકથામાં પણ આપણને સર્જકના સમયનો જ સમાજ જોવા મળે છે. તેમના સમયનું ગ્રામજીવન, રીત-રિવાજો, પરંપરાઓ અને રૂઢિ વગેરેનું તાર્દશ આલેખન એમણે કર્યું છે.

‘માનવીનો માળો’નું કથાવસ્તુ ગામમાં નિશાળ બનાવવાની આસપાસ ગૂંથયેલું છે. આ નિશાળ બનાવવા પાછળ કલ્યાણ, મહંતબાપા, નિમુ, ખીમુ વગેરે જેવા પાત્રોની ઉદારતા આપણને જોવા મળે છે. તો ઘણા પાત્રો એવા પણ છે જે નિશાળ બનાવવા પાછળ પોતાનો સ્વાર્થ તાકીને બેઠા હોય. આવા લોકોથી સમાજમાં દૂષણ ફેલાય છે. છતાં આવા લોકો સમાજમાં સારા હોવાનો દંભ કરતાં ફરે છે. સમાજમાં ફેલાયેલી આવા કરોળીયાની જાળ જેવી ગૂંથણી પુષ્કર ચંદરવાકરે આપણી સમક્ષ આ નવલકથા દ્વારા રજૂ કરી આપી છે. નવલકથાની શરૂઆત સામાન્ય ખેડૂત કુટુંબથી થાય છે. જેમાં મણિવહુ કોઠીમાંથી અનાજ કાઢે છે ત્યારે એને ખબર પડે છે કે કોઠીમાંનું અનાજ તો પૂરું થવાને આરે જ છે. વળી ખેતરોમાં લહેરાઈ રહેલા મબલખ પાકને ઘરભેગો કરવાનો સમય પણ થઈ ગયો છે. તેથી એ સાથી તરીકે રાખેલ દીપુને આ વાત કરે છે. સાથે સાથે પોતાના પતિ કલ્યાણને આ વાત કરવાનું વિચારે છે. પણ કલ્યાણના માથે ગામની ઘણી જવાબદારીઓ હોવાથી તેને નવરાશ મળતી નથી. અહી કલ્યાણને ગામના વિશ્વાસુ પાત્ર તરીકે લેખકે દર્શાવ્યું છે. આમ તો ગામમાં પૈસે થી સુખી એવા ઘણા ઘર છે. પરંતુ એ ઘરોના માનવીઓ પર આંખ બંધ કરીને કોઈ વિશ્વાસ કરતું નથી. કલ્યાણ ઘરે આવે છે ત્યારે મણિ એને ખેતરે લણણી કરાવવાની વાત કરે છે. પોતે હાલ ગામમાં નિશાળ બંધાવવાના ડખામાં ફસાયો છે એમ પણ જણાવે છે. વળી ગામના નવા માસ્તર તથા શેઠ આમાં સંડોવાયેલા છે એવું જ્યારથી એને ખબર પડે છે ત્યારે કલ્યાણ આ વાતને એટલી ઢીલાશથી નથી મૂકી શકતો. એનું કારણ એ જ છે કે આ માણસો દંભી, કપટી અને લોભિયા છે. વળી શેઠની છબીતો ચરિત્રમાં પણ ખરાબ હોવાથી કલ્યાણ આ લોકો પર વિશ્વાસ કરીને ગામ આખાને મેલુ કરવા નથી માંગતો.

http://vidyajournal.org

નવલકથામાં શેઠ નું પાત્ર બગલા જેવુ છે. બહારથી રામભક્તિ કરતો શેઠ અંદરથી શઠ છે. તે ગામમાં નિશાળ બનાવવાંમાં એક પાઈ પણ આપ્યા વગર પોતાનું નામ ઉજાગર કરવાના પ્રયત્ન કરે છે. વળી નિશાળમાં કામ કરનાર કર્મચારીને પણ પોતાના હાથ નીચે રાખવા ચાહે છે. જેથી એ સમય આવ્યે પોતાનું કામ કઢાવી શકે. શેઠ નવલકથાના અંતમાં એવું કરતો પણ જોવા મળે છે. તે ધૂળીને ભોગવીને સગર્ભા બનાવી મૂકે છે. આ વાત ગામમાં ફેલાઈ ન જાય અને પોતે બદનામ ન થાય એ માટે તે ધૂળીને ગર્ભપાત કરાવી દેવાની સલાહ આપે છે. ધૂળી શેઠની વાત માનીતી નથી ત્યારે શેઠ ગામના નારસંગ નામના વ્યક્તિ જોડે ગામના કૂવામાં ઘાસલેટ નખાવે છે. સાથે ધૂળીના પતિના નામની ચિઠ્ઠી લખાવી કૂવે બંધાવે છે. બીજી બાજુ આ કૃત્ય કરવા પાછળ લોકોને માસ્ટર પર શક થાય એમાટે માસ્તરની કાન ભંભેરણી કરી ગામ છોડી ચાલ્યા જવાનું સૂચન કરે છે. આથી શેઠના પાપનો પોટલો માસ્ટરના માથે આવીને પડે છે. ગ્રામ્યસમાજ જીવનમાં આવા પૈસાથી પાપને છુપાવતા લોકો ઠેર ઠેર જોવા મળે છે. છતાં તેની વિરોધમાં કોઈ આંખ ઉઠાવીને જોઈ શકતું નથી. કે નથી તેનો કોઈ વિરોધ કરી શક્તુ.

આવું જ પાત્ર ગામના માસ્તરનું છે. આ એ માસ્તર છે કે જે રૂપશંકરના દેહાંત પછી એમની જગ્યાએ આવેલા છે. જેમને ગામના લોકો નવા માસ્તર તરીકે ઓળખે છે. આ પાત્ર શેઠની જેમ ચરિત્રહીન નથી પણ લાલચુ છે. આ લાલચના લીધે એ શેઠના મીઠા શબ્દોમાં ફસાય છે. પોતાની બુદ્ધિનો એક ટકો પણ એ લાલચના બળે ઉપયગ કરતો નથી. એટલેજ તો શેઠ એને વારંવાર ધોળીને કામે રાખવાનું કહે છે. ત્યારે એ એમની વાત માની લે છે. આ બાબતનો જ ફાયદો ઉઠાવી શેઠ પોતાના પાપ માસ્તરને માથે નાંખી દે છે. માસ્તર પોતાની બેગુનાહી સાબિત કરવાની જગ્યાએ શેઠના કહેવાથી કામ છોડીને ચાલ્યો જાય છે.

નવા માસ્તરથી વિરુદ્ધનું પાત્ર રૂપશંકર માસ્તરનું છે જે આખી નવલકથા દરમ્યાન સદેહે નથી. પરંતુ જુના માસ્તર તરીકે આખું ગામ જેના વખાણ કરતાં થકતું નથી તેવું આ રૂપશંકરનું પાત્ર ધ્યાન ખેંચે તેવું છે. વળી તેમના અવસાન પછી તેમની દીકરી નીમુ અને જમાઈ ખીમશંકર તેમના જ રસ્તે ચાલી ગામને નવી દિશા ચીંધે છે. રૂપશંકર માસ્તરે કોઈજ પ્રકારની પદવીની અપેક્ષા ન રાખતા માત્ર ગામના બાળકોમાં સંસ્કાર સિંચનનું કાર્ય કરેલું. આ કાર્યને તેમની દીકરી અને જમાઈ આગળ લઈ જાય છે. એ આ કાર્ય એટલી હદે આગળ ધપાવે છે કે ખીમશંકરના માતા-પિતા તેમના આ કાર્યના કારણે નીમુને અપનાવતા પણ નથી. છતાં બંને પતિ પત્ની તેમની સાથે ન રહેતા રૂપશંકરના ઘરે રહેવાનું શરૂ કરે છે.

નવલકથામાં લેખકે ઘણાં વિરોધી પાત્રોને આપણી સમક્ષ મૂકી આપ્યા છે. આ નવલકથામાં જ્યાં શેઠ છે તો એનો વિરોધી સ્વભાવ ધરાવતું મહંતબાપુનું પાત્ર છે. શેઠને બગલા સાથે તો મહંતબાપુને હંસ સાથે સરખાવી શકાય. જેમ બગલો બહારથી સ્વચ્છ અને સુઘડ દેખાય છે પણ એના મનમાં મેલ હોય છે તેવું આ શેઠનું ચરિત્ર છે. જ્યારે હંસ બહારથી અને અંદરથી નિર્મળ હોય છે તેવા મહંત બાપુ પણ છે. તે સાચા અર્થમાં સંન્યાસી છે. તેમણે પોતાના કોઈ જાતના સ્વાર્થ વિના ગામની સેવા કરવી છે. આમતો દેખીતી રીતે સંન્યાસી હોવાથી તેમને સંસારી લોકો સાથે કોઈ મતલબ હોવો ન જોઈએ. પણ તેઓના મતે ગામના માટે કાર્ય કરવું એ સંસારની બાબત નથી પણ પરકામ છે. અને સમય આવતા બીજા માટે માળા મૂકીને દુનિયા ચલાવવી તેવું શાસ્ત્રોમાં પણ કહ્યું જ છે. તેમનો આ મત ખરા સંન્યાસીને સાબિત કરવા પૂરતો છે. પોતાના માટે ભક્તિભાવ, પૂજા-પાઠ સૌ કરે છે પરંતુ પારકાના સુખ ખાતર બધુ છોડવાની જેનામાં તાકાત છે એ જ ખરો મહંત છે.

નારસંગ જેવુ પાત્ર માત્ર થોડા પૈસા માટે ગામને નુકસાન પહોંચાડી શકે છે. આવા પાત્રોની મનઃ સ્થિતિ માત્ર પોતાના સ્વાર્થ પૂરતી સીમિત બની રહે છે. આવું કરવા પાછળ પણ એમના પોતાના કારણો હોય છે. આવી વ્યક્તિ પાસે જમીન નથી, પૈસો નથી તેથી પોતાના બાળકોના પેટ ભરવા માટે પણ એ આવા રસ્તા અજમાવે છે.

આ ઉપરાંત સમાજમાં જોવા મળતી દિયર ભોજાઈની મશ્કરી પણ અહી આપણને માણી અને દીપુના પાત્ર દ્વારા રજૂ થતી જોવા મળે છે. દીપુના નવા નવા લગ્ન થયા હોવાથી માણી દીપુને ચિડાવવાનું એક પણ બહાનું છોડતી નથી. અહી દિયર ભોજાઈ ના મીઠા સ્નેહ ને આપણે જોઈ શકીએ. તો ધૂળી જેવી સ્ત્રીઓ વિચાર શક્તિના અભાવે બેફાટ બનેલી જોવા મળે છે. સાસરિયાંમાં થોડી પણ તકલીફ સહન ન કરી શકવાને કારણે પિયર આવી જતી હોય છે. પિયરમાં પણ ઘરનાને બીજ રૂપ

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ન બની રહેવું પડે એ માટે બીજાના ઘરોના કામ કરી થોડું મહેનતાણું મેળવવા પ્રયત્ન કરે છે. પણ ઘણી વખત આવી સ્ત્રીઓ શેઠ જેવા ધુતારાઓની હવાસનો શિકાર બની જાય છે.

આમ પુષ્કર ચંદરવાકરની નવલકથા'માનવીનો માળો'માં કૂલ ૨૬ પ્રકરણો છે. જેમાં આપણે ધ્યાનથી જોઈએ તો દરેક પ્રકરણમાં સમાજ ચેતના છતી થતી જોવા મળે છે. આ નવલકથામાં તેમણે શહેરનો પણ ઉલ્લેખ કર્યો છે. પરંતુ શહેરી જીવન આપણને ગ્રામ્ય માનવીની નજરે જોવા મળે છે. બાળકો જે રીતે ગામ છોડી રોજગારી અર્થે શહેરોમાં વસવાટ કરે છે અને ગામડા પડી ભાંગે છે એ બાબત પર મહંતબાપા ચિંતા વ્યક્ત કરી ગ્રામ જીવનના સંસ્કારો આપવાનો આગ્રહ કરે છે. લેખકનો આ વિચાર ક્યાંક ને ક્યાંક આજના સમયને પણ લાગુ પડે છે. બાળકો સારું શિક્ષણ તો મેળવે છે પણ તેમના કૌશલ્યનો લાભ વિદેશોને આપે છે. જેથી પોતાનો દેશ આવા કૌશલ્યના આભાવે આગળ આવી શકતો નથી આ જ બાળકો સમય જતાં વિદેશના રંગે રંગાઈ વટ પૂર્વક કહે છે કે આપણા દેશ કરતાં વિદેશ ઘણું આગળ છે. આવું કહેવાનો ખરેખર એમને કોઈ હક નથી. પુષ્કર ચંદરવાકરની આ બધી બાબત પરથી જ આપણે સમજી શકીએ કે એમણે સમાજને કેટલા ધ્યાનથી તપાસ્યો હશે.

નવલકથામાં ધૂળી સાથે કાળું કામ કારનારો વ્યક્તિ શેઠ પોતેજ છે એવું મહંત, કલ્યાણ, મુખી બધાને ખબર પડે છે ત્યારે પણ મહંત શાંત ચિત્તે શેઠ ને કોઈ સજા નહીં કરવાની વાત કરી તેને પ્રેમથી સુધારવાનું કહે છે. પરંતુ એ માટે મહંત શું કરશે કે શેઠને કેવી રીતે સુધારશે એવું કોઈ આલેખન આ નવલકથામાં કર્યું નથી. વળી નવો માસ્તર બેગુનાહ છે એ વાત પણ સર્જક સાબિત કરી શક્યા નથી. એટલે નવલકથાનો અંત આપણને જોઈએ એવો દેખાતો નથી. આ તેમની મારી દ્રષ્ટિએ મર્યાદા ગણી શકાય.

## સંદર્ભ ગ્રંથ

1. ચંદરવાકર પુષ્કર: 'માનવીનો માળો', પ્રથમ આવૃત્તિ, એપ્રિલ ૧૯૫૫.

http://vidyajournal.org